ધર્મ માટે

પ્રાણ આપનાર મહાત્માઓ

લે૦ ધીરજલાલ ટોકરશી શાહ.

બાલગ્રંથાવલી : પ્રથમ શ્રેણી : ૨૦ - ૨૧

મુદ્રકઃ—ચીમનલાલ ઇશ્વરલાલ મહેતા.
મુદ્રણસ્થાનઃ વસંત મુદ્રણાલય,
ઘીકાંટા પાનાભાઈની વાડી—અમદાવાદ.

આ શ્રેણીનાં પુસ્તકો

- શ્રી રીખવ દેવ
- નેમરાજુલ
- શ્રી પાર્શ્વનાથ
- પ્રભુ મહાવીર
- વીર ધન્નો
- મહાત્મા દ્દઢ પ્રહારી
- અભયકુમાર
- રાણીચેલ્લણા
- ચંદનબાળા
- ઇલાચીકુમાર
- જંબુસ્વામી
- અમરકુમાર
- શ્રીપાળ
- મહારાજા કુમારપાળ
- પેથડકુમાર
- વિમળશાહ
- વસ્તુપાળ–તેજપાળ
- ખેમો દેદરાણી
- જગડુશાહ
- ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ ભા. ૧–૨

આખા સટની કિમ્મત

રૂા. દોઢ. પોસ્ટેજ જુદું.

બાળગ્રંથાવળી: પ્રથમ શ્રેણી: ૨૦-૨૧

ધર્મ માટે

પ્રાણ આપનાર મહાત્માઓ

લે૰ ધીરજલાલ ટોકરશી શાહ.

પ્રકાશક:

બાળ ગ્રંથાવળી કાર્યાલય,
ખાનપુર, અમદાવાદ

સંવત ૧૯૮૫ મૂલ્ય ૦-૨-૦ આવૃત્તિ પહેલી

સૂચના

ધર્મ માટે પ્રાણ આપનાર મહાત્માઓ બે જુદા ભાગમાં પ્રગટ નહિ કરતાં વીશમા ને એકવીશમા પુષ્પ તરીકે સાથેજ પ્રગટ કરવામાં આવે છે.

પ્રકાશક.

અનુક્રમણિકા.

ધર્મરુચિ અણગાર.

: ૧ :

નાગિલા બ્રાહ્મણીએ ભાતભાતનાં ભોજન કર્યાં. તીખાં તમતમતાં શાક કર્યાં. તેમાં તુંબડાનું શાક કરતાં કોઇએ તુંબડાં ચાખ્યા નહિ. પછી તૈયાર થયે જ્યાં ઠામ ઉઘાડીને એક પીત્તો જીભે અડાડયો ત્યાં કડવો ઝેર. તે સમજી ગઇ કે શાક કડવા તુંબડાનું થયું. કોઈથી આ ખવાશે નહિ. એટલે તે બાજુએ મૂક્યું. ભોજનનો સમય થયો એટલે સહુ આવ્યા ને જમી ઉઠયા.

એવામાં 'ધર્મ લાભ' કહેતાં ધર્મરુચિ નામના એક સાધુ તેને ત્યાં ભિક્ષા લેવા આવ્યા. એક માસના તે

ઉપવાસી હતા. નાગિલાએ વિચાર્યું: લાવ આ શાક આ સાધુનેજ આપી દઉં. કોણ બહાર નાખવા જાય છે! તેણે બધું શાક સાધુને વહોરાવ્યું.

ધર્મરુચિ આ આહાર લઇ પોતાના ગુરુ ધર્મઘોષ આગળ આવ્યા. ગુરુ આહાર સુંઘીનેજ બોલ્યા: "હે શિષ્ય! આ આહાર વાપરીશ નહિ. નહિતર તારૂં મરણ થશે. જ્યાં જીવડાં ન હોય એવી ભૂમિમાં તેને પરઠવી આવ. હવેથી આવો આહાર લાવીશ નહિ."

ધર્મરુચિ આહારને પરઠવવા ગામ બહાર ચાલ્યા. એવામાં શાકના રસનું એક ટીપું ભોંય પડયું. એ ટીપાંની સુગંધથી લોભાઇ કેટલીયે કીડીઓ ત્યાં આવી ને ચોંટી ગઈ. તરત જ તે મરણ પામી. આ જોઈ ધર્મરુચિ મુનિએ વિચાર્યું: અહો! આ શાકનાં એક ટીપાંથી આટલાં બધાં જીવ મરણ પામ્યા તો આ બધા શાકથી કેટલા જીવોનો સંહાર થશે? માટે મનેજ મરવા દે. મારા

મરવાથી ઘણા જીવ બચી જશે. એમ વિચારી બધું શાક ખાઈ ગયા. પછી ધ્યાન ધરી લીધું ને જગત્‌ના સર્વ જીવોની ક્ષમા માગી લીધી. થોડીવારમાં ઝેરી શાકની અસરથી મુનિરાજનું મરણ થયું. છેલ્લી ઘડી સુધી શુભ ભાવના રાખવાથી તે દેવલોકે ગયા.

આટલી હદ સુધી અહિંસા પાળનાર કેટલા મહાત્માઓ હશે!

ગજસુકુમાળ.

:૨:

શ્રી નેમનાથ મધુર વાણીથી ઉપદેશ દેતા હતા. ત્યાં શ્રી કૃષ્ણ મહારાજના નાના ભાઇ ગજ સુકુમાળ આવ્યા. તેમણે તે ઉપદેશ સાંભળ્યો ને વૈરાગ્ય થયો. એટલે પોતાની માતા દેવકીજી પાસે ગયા ને દીક્ષા લેવાની રજા માગી. દેવકીજીએ તેમને ઘણું ઘણું સમજાવ્યા કે "પુત્ર ! તારી ઉમ્મર નાની છે. સંજમ ખુબ દોહ્યલો છે. તારાથી એ નહિ પળે." પણ ગજસુકુમાળની ભાવના દૃઢ હતી એટલે તેમણે રજા આપી. ગજસુકુમાળે દીક્ષા લીધી.

દીક્ષા લઈને તેમણે પ્રભુને કહ્યું કે " પ્રભો ! મોક્ષ જલ્દી મળે તેવો ઉપાય બતાવો." પ્રભુ નેમનાથ

કહે, "ધ્યાન ધરીને ઉભા રહો. મન, વચન ને કાયાને બરાબર પવિત્ર કરો."

ગજસુકુમાળે શ્મશાનમાં જઈને ધ્યાન લગાવ્યું.

આ વખતે ગજસુકુમાળનો સસરો સોમિલ બ્રાહ્મણ ત્યાં થઈને નીકળ્યો. તેણે ગજસકુમાળને આ હાલતમાં જોયા એટલે ખુબ ચીડાયો. દાંત પીસીને બોલ્યો: "અરે! તેં તો મારી દીકરીનો ભવ બગાડયો. તારે જો એને ન્હોતી પરણવી તો સગપણ શા માટે કર્યું આમ બોલતાં બોલતાં તેનો ક્રોધ ખુબ વધી ગયો. ગજ-સુકુમાળને શું કરી નાંખું એવા વિચારમાં ધુંધવાવા લાગ્યો. જ્યારે તેના ક્રોધની હદ ન રહી ત્યારે પાસે ધગધગતા અંગારા એક ઘડાની ઠીબમાં ભર્યા ને તે ઠીબ ગજસુકુમાળના માથે મૂકી.

ગજસુકુમારનું હૈયું ક્ષમાનું સરોવર હતું. એમનું શરીર દાઝે પણ મન દાઝે એમ હતું નહિ. એતો ઉ-લટા વિચાર કરવા લાગ્યા કે " કોઈ સસરા તો વીશ

પચીશની પાઘડી બંધાવે પણ આ સસરે તો મોક્ષ મળે એવી પાઘડી બંધાવી. હે જીવ! શાંતિથી આ પ્રસંગ સહન કરીલે. આવા પ્રસંગ ઘડીયે ઘડીયે નહિ મળે. આમ વિચાર કરતાં તેમના હૃદયમાંથી ક્ષમા ઉભરાવા લાગી. સમતા છલકાવા લાગી. અને તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

અંગારાથી માથું તપતાં થોડીવારમાં તે મરણ પામ્યા ને મોક્ષે ગયા.

હે નાથ! આવા ક્ષમાસાગરની ક્ષમા અમારામાં આવજો.

અવંતીસુકુમાળ.

: ૩ :

ઉજ્જેણી નગરીમાં ખીલતા જોબનનો એક બાળ-શ્રીમંત. બત્રીશ સ્ત્રીઓનો તે સ્વામી છે. અનેક મેડી મહેલાતોનો ધણી છે. તેના પિતા ધનદત્ત શેઠ ગુજરી ગયા છે. ભદ્રામાતા ઘરનો બધો કારભાર ચલાવે છે.

એક વખત આર્યમહાગિરિ મહારાજ ભદ્રા શેઠાણીની પરશાળમાં ઉતર્યા. ત્યાં એક વખત સઘળા સાધુ નલિનીગુલ્મ વિમાનની સજ્ઝાય ભણે. અવંતિ સુકુમાળે એ સજ્ઝાય સાંભળી એટલે તેમને થયું કે મેં ક્યાં-ઈક આવું અનુભવ્યું છે. એટલે તે ગુરુ આગળ આવ્યા. ને હાથ જોડી બોલ્યા : ગુરુમહારાજ ? આવું સુખ શી રીતે મળે તે સમજાવો." ગુરુ મહરાજ કહે, 'જે શુદ્ધ

ચારિત્ર પાળે તે મોક્ષે જાય. મોહ સહિત ચારિત્ર પાળે તે દેવલોકે જાય.' અવંતિસુકુમાળ કહે, "તો આપ મને દીક્ષા આપો." ગુરુ કહે, તમારી માતાની રજા લાવો તો દીક્ષા આપીએ. અવંતિસુકુમાળ માતા પાસે ગયા. દીક્ષા લેવાની રજા માગી. માતા ખુબ દુઃખી થયા. સ્ત્રીઓ ખુબ દુઃખી થઈ. પણ આખરે સમજીને તેઓએ રજા આપી.

અવંતિસુકુમાળે દીક્ષા લીધી. પછી ગુરુને કહ્યું કે ગુરુરાજ ! મારે તો જલ્દી મોક્ષ મળે એવો રસ્તો લેવો છે. એટલે જો આપ આજ્ઞા આપો તો કંથેરીના (થોરના) વનમાં જઈને અણશણ કરૂં. ગુરુ કહે તમને સુખ ઉપજે તેમ કરો.

અવંતિસુકુમાળ ચાલ્યા. નગરથી થોડે દૂર કંથેરીનું ભયાનક વન હતું ત્યાં ગયા. કંથેરીના વનમાં પેસતાં કઠોર કાંટો વાગ્યો. પગે લોહીની ધાર થઈ. પણ અવંતિસુકુમાળે મનમાં જરાપણ દુઃખ આણ્યું નહિ. તેમણે અણશણ શરૂ કર્યું.

હજી અણશણ શરૂ કર્યાને થોડીવાર થઈ છે ત્યાં તો એક શિયાળ લોહીની ગંધે આવી પહોંચી. તે નવી વીંઆયેલી ને ભુખી ડાંસ એટલે અવંતિસુકુમાળ મુનિના પગ કરડવા માંડયા. અહા કેવું સંકટ ! પણ જેનું મન મજબુત એને શું ? એ તો ધ્યાનમાંજ ઉભા રહ્યા.

શિયાળ બટાક બટાક બચકાં ભરતી આખો પગ ખાઈ ગઈ. પણ અવંતીસુકુમાર ધ્યાનમાંથી ડગ્યા નહિ. થોડીવાર થઈ એટલે બીજો પગ કરડી ખાધો છતાં મનમાં જરાપણ દુઃખ કે અરેકારો નહિ. કેવળ શુભ ધ્યાન, શુભ ચિંત્વન. શિયાળ તો આજ ખાઉં ખાઉં કરી રહી હતી. તેની ભુખ કાંઈ એટલેથી અટકી નહિ. તેણે પેટ ખાધું, છાતી ખાધી ને માથું પણ ખાઇ ગઈ. સાંજ ટાંણે ત્યાં કેવળ હાડકાં જ બાકી રહ્યા.

ભડવીર અવંતિસુકુમાળ અડગ ધ્યાનથી નલિની ગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા.

બીજા દિવસનું વ્હાણું વાયું એટલે ભદ્રામાતા તથા તેમની સ્ત્રીઓ આર્યમહાગિરિ મહારાજના દર્શને આવી. અવંતિસુકુમાળના ખબર પૂછવા લાગી. આર્ય-મહાગિરિ મહારાજ કહે, " કંથેરીના વનમાં અવંતિ-સુકુમાળે અણશણ કર્યું છે. માતા તથા સ્ત્રીઓ તેમને વાંદવા કંથેરીના વનમાં ગયા, પણ ત્યાં શું જુએ ? કેલૈયા કુંવરની જગાએ લોહી ખરડયાં હાડકાં પડેલાં દીઠાં. ભદ્રા આ જોતાં બેભાન થઈ ગઈ. સ્ત્રીઓ કારમું રૂદન કરવા લાગી. પણ આ બધાથી શું વળે ? આ બનાવ પર વિચાર કરતાં તેમને પણ વૈરાગ્ય થયો ને માતા તથા ૩૧ સ્ત્રીઓએ દીક્ષા લીધી. ફકત એક ગર્ભવતી સ્ત્રી બાકી રહી.

આ ગર્ભવતી સ્ત્રીને એક પુત્ર થયો. તેણે પોતાના પિતાના યાદગાર મરણની જગાએ મહાકાળ નામે

સુંદર દહેરૂં બાંધ્યું. આજે પણ ઉજ્જેણીથી થોડે છેટે અવંત પાર્શ્વનાથને નામે એ દહેરૂં ઓળખાય છે. હજારો જાત્રાળુ ત્યાં જઇને એ કથા સાંભળે છે ને સમતાનાના ભંડાર અવંતિસુકુમાળના વખાણ કરે છે.

આપણાથી આ મહાપુરુષના ગુણ શી રીતે ગવાય ?

મુનિશ્રી મેતાર્ય

: ૪ :

ખરા બપોરનો સમય છે. અંગારા જેવો તાપ પડે છે. આ વખતે રાજગૃહી નગરીમાં માસના ઉપવાસી એક સાધુ ભિક્ષા લેવા ફરી રહ્યા છે. ધીમે પગલે ને નીચી નજરે ચાલતાં તેઓ એક સોનીના ઘર આગળ આવ્યા. ત્યાં સોની સોનાનો હાર ઘડે છે. તેના માટે સોનાનાં જવલાં તૈયાર કરે છે. તે આ મુનિરાજને જોઈ ખુબ હરખાણો. બે હાથ જોડી વિનંતિ કરવા લાગ્યો: "હે મુનિરાજ! મારૂં આંગણું પાવન કરો. મારા ઘેરથી ભિક્ષા લ્યો." 'ધર્મલાભ' બોલીને મુનિરાજ તેના ઘરમાં દાખલ થયા.

સોની સોનાનાં જવલાં એમને એમ મૂકી રસોડામાં ચાલ્યો. ત્યાં જઈ ભિક્ષા આપવાની તૈયારી કરવા લાગ્યો. એવામાં ત્યાં એક ક્રૌંચ પક્ષી આવ્યું ને સોનાનાં જવલાં ચરી ગયું. જવલા ચરીને તે પાસેના ઝાડની ડાળીએ બેઠું. મુનિરાજે આ જોયું.

સોની રસોડામાંથી બહાર આવ્યો. મોદક મિઠાઇનો થાળ લાવ્યો. ચડતા ભાવે મુનિરાજને તે ભિક્ષા વહોરાવી. મુનિરાજ ચાલ્યા. સોની દુકાને આવ્યો. જુએ તો સોનાના જવલા નહિ. અરે! અહિંથી સોનાનાં જવલાં ક્યાં ગયા? તેના પેટમાં ફાળ પડી. અહિં જોયું, તહિં જોયું પણ ક્યાંઈ સોનાનાં જવલાં નહિ. તેને લાગ્યું કે જરૂર પેલા સાધુ આ જવલાં ઉપાડી ગયા. લાવ્ય તેને પકડીને તપાસ કરૂં.

મુનિરાજ તો માસના ઉપવાસી હતા. એટલે હજી તો આંગણુંયે છોડયું ન્હોતું. સોનીએ સાધુને

પકડીને ઉભા રાખ્યા અને પૂછ્યું: "સોનાનાં જવલાં ક્યાં છે ?" મુનિરાજે વિચાર કર્યો. જો ક્રૌંચ પક્ષીની વાત કહીશ તો બિચારાનો જીવ જશે. માટે શાંતજ રહેવા દે. તેમણે કાંઈ જવાબ આપ્યો નહિ. સોનીની શંકા મજબૂત થઈ. તેણે બે ત્રણ વખત મુનિને પૂછ્યું પણ જવાબ મળ્યો નહિ. આથી તે ખુબ ક્રોધે ભરાયો. પાસે આળું ચામડું પડ્યું હતું. તે કસકસીને મેતાર્ય મુનિના માથે બાંધ્યું. પણ મેતાર્ય મુનિ સમતાના ભંડાર. તે કાંઈ પણ બોલ્યા નહિ.

સોનીએ તેમને પકડીને તડકામાં બેસાડ્યા. છતાં તે શાંત રહ્યા. તાપથી ચામડું સંકોચાવા માંડ્યું ને માથામાં ચસ્કા આવવા લાગ્યા. પણ મેતાર્ય મુનિ બોલ્યા નહિ. તે વિચારવા લાગ્યા: હે જીવ! આવેલું દુ:ખ શાંતિથી સહન કરી લે. દુ:ખથી જરાયે ડરીશ નહિ. આ વિચાર કરતાં તેમનું મન પવિત્ર થવા લાગ્યું ને થોડીવારમાં તે એટલી હદે પહોંચ્યું કે તેમને કેવળજ્ઞાન થયું.

અહિં તાપથી ચામડું ખુબ સંકોચાણું ને મેતાર્ય મુનિની બંને આંખો બહાર નીકળી ગઈ. તેમની ખોપરી ફાટી ગઈ. સમતાના સાગર મેતાર્ય મુનિરાજ નિર્વાણ પામ્યા.

એવામાં કોઇ કઠિયારણે આવી ધબાક લેતાં કાઠીનો ભારો પછાડયો. અચાનક ધબકારાથી ક્રૌંચપક્ષી બિન્યું ને ચરકી ગયું. સોની જુએ તો એ ચરકમાં સોનાનાં જવલાં. તરતજ તેને કમકમાટી છુટી. મેં દુષ્ટે શું કર્યું ? નિર્દોષ મુનિરાજના પ્રાણ લીધા. પણ હવે શું થાય ? રાજાને ખબર પડશે તો તે ગરદન મારશે. એટલે તેણે એજ મુનિરાજના કપડાં પહેર્યા ને સાધુ થઈ ચાલી નીકળ્યો. પછી દોહલો સંજમ પાળ્યો ને આત્માનું કલ્યાણ કર્યું.

ખરેખર ! " મેતારજ મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર !"

સુકોશલ મુનિ.

:૫:

રાજર્ષિ કીર્તિધર ને તેમના પુત્ર રાજર્ષિ સુકોશલ બંને એક ભયંકર વનમાં થઈને પસાર થતા હતા. ત્યાં એકાએક વિકરાળ વાઘણ દેખાણી. કયો માણસ આની આગળથી નાસી જઈને જીવ બચાવવાની મહેનત ન કરે ! પણ આ રાજર્ષિઓ તો નાસવાનો પ્રયત્નજ કરતા નથી. તે તો ઉલટી અંદર અંદર વાત કરે છેઃ

કીર્તિધર કહે, " સુકોશલ, તમે પાછળ રહો. સંકટ પહેલાં મને સહેવા દ્યો."

સુકોશલ કહે, " ક્ષમાશ્રમણ! આવું શું બોલો છો ? સંકટને કદી હું ગણકારતો નથી. લડવા નીકળેલો

બહાદુર લડવૈયો શું પાછો વળે ? માટે કૃપા કરી મનેજ એ ઉપસર્ગ સહેવાની તક આપો. ”

સુકોશલ મુનિ આગળ આવીને ઉભા રહ્યા. ઈષ્ટ દેવનું ધ્યાન ધર્યું. વિચારવા લાગ્યાઃ અરે જીવ ! આ શરીરના મોહને લીધે તું ઘણા કાળ સંસારમાં રખડયો છું, માટે હવે તે શરીરનો મોહ છોડી દે. અને સર્વ જીવોને સરખા ગણી તેમની ક્ષમા માગ. પછી તે મનમાં બોલ્યાઃ

खामेमि सव्व जीवे
सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु
वेरं मज्झ न केणइ ॥

એટલે સર્વ જીવોની ક્ષમા માગું છું. સર્વ જીવો મને ક્ષમા આપજો. મારે સર્વેની સાથે મિત્રતા છે. કોઈ પણ સાથે વેર નથી.

એવામાં વાઘણ તલપ મારીને સુકોશલ મુનિના શરીર પર કુદી. પોતાના ભયંકર પંજા ને વિકરાળ દાંતથી તેમના શરીરને ફાડવા લાગી. પણ સુકોશલ મુનિ શાંત દશામાં છે. હૃદયને પવિત્ર કરી રહ્યા છે. થોડા વખતમાં તે પવિત્રતા છેલ્લી હદે પહોંચી ને તેમને કેવળજ્ઞાન થયું.

વાઘણ તેમના શરીરનો ભક્ષ કરી ગઈ. તે નિર્વાણ પામ્યા. કીર્તિધર બચી ગયા. તેમણે આકરાં તપ કર્યાં ને તેના પ્રભાવથી મોક્ષ મેળવ્યું.

ધન્ય છે ભડવીર સુકોશલને !

ખંધક મુનિના પાંચસો શિષ્ય.

:૬:

વીશમા તીર્થંકર પ્રભુ મુનિસુવ્રત આગળ રાજપુત્ર ખંધકે પાંચસો માણસ સાથે દીક્ષા લીધી. પછી ધર્મનો ખુબ અભ્યાસ કરવા લાગ્યા. થોડા વખતમાં તે મહાજ્ઞાની થયા એટલે પ્રભુએ તેમને પાંચસો સાધુના આચાર્ય નિમ્યા.

એક વખત પોતાના બનેવીને બોધ આપવા તેમણે કુંભારકટ નગરે જવાની પ્રભુ આગળ આજ્ઞા માગી. પ્રભુ કહે, " ત્યાં જવામાં તમારા બધાના જીવનું જોખમ છે. " ત્યારે ખંધકાચાર્યે પૂછયું: " પણ એથી અમારૂં કલ્યાણ થશે કે નહિ ? " પ્રભુ કહે, " તમારા સિવાય સહુનું કલ્યાણ થશે. "

ખંધકાચાર્ય કહે, " તો મારૂં કલ્યાણ થયું માનીશ. " તે પાંચસો સાધુ સહિત કુંભરકટ નગરની પાસે આવ્યા.

કુંભારકટ નગરનો રાજા દંડક હતો. તેનો પ્રધાન પાલક હતો. એક વખત તે ખંધક મુનિના ગામ આવેલો ત્યારે રાજકુમાર ખંધક સાથે ચર્ચા થયેલી. તેમાં તે હારેલો. ત્યારથી તેને ખંધક પર વેર બંધાયું હતું. તે મૂળથી સાધુઓનો શત્રુ હતો. તેમાં વળી ખંધકાચાર્યને જોયા એટલે તેનું વેર તાજું થયું. કોઈ પણ રીતે આ સાધુઓનો ઘાટ ઘડવા વિચાર કર્યો.

ખંધકાચાર્ય જે બાગમાં ઉતરવાના હતા ત્યાં કેટલાક હથિયાર દટાવ્યા.

ખંધક મુનિ પોતાના શિષ્યો સહિત બાગમાં ઉતર્યા. ત્યાં રાજા, પ્રધાન તથા બધી રૈયત તેમનો ઉપદેશ સાંભળવા આવ્યા. પછી રાત્રે પાલક પ્રધાને જઇને રાજાને કહ્યું: " મહારાજ ! આ ખંધક તો ખોટો બગભગત જણાય છે. સાધુના વેશમાં તે સારામાં સારા લડવૈયાઓને લાવ્યો છે. એમની મદદથી તે આપણું રાજ્ય લેવા ઇચ્છે છે. એની ખાત્રી કરવી હોય તો તે સાધુઓ ઉતર્યા છે તેની નીચે ખોદાવો એટલે બધું માલમ પડશે. "

દંડક રાજાએ તેમ કર્યું તો ત્યાંથી હથિયાર નીકળ્યાં. હથિયારને જોતાંજ દંડક રાજા ચિડાયો ને પ્રધાનને આજ્ઞા કરી કે આ દુષ્ટોને ઠીક લાગે તે શિક્ષા કરો. એમના માટે મને કાંઇ પૂછશો નહિ. ”

પાલક પ્રધાનનો દાવ સફળ થયો. તેણે માણસને મારવાની ઘાણી તૈયાર કરાવી અને તે બાગમાં ગોઠવી. પછી ખંધકાચાર્યને હુકમ ફરમાવ્યો કે રાજના ગુન્હેગાર તરીકે તમને ઘાણીએ ઘાલીને પીલી નાંખવામાં આવશે.

બસ હુકમ ફરમાવીને તેણે પોતાનું કરપીણ કામ શરૂ કર્યું. ખંધકાચાર્ય દરેક સાધુને છેવટની શાંતિ રાખવા માટે ઉપદેશ દે છે. દરેક સાધુ શાંતિને ધારણ કરી ઈષ્ટદેવનું નામ લેતો ઘાણીપર જઈને ઉભો રહે છે. પાલક પ્રધાન તેને પીલે છે ને રાજી થાય છે. આ પ્રકારે ચારસોને નવાણું સાધુનો સંહાર કર્યો. છેવટે સહુથી નાના એક સાધુને ઘાણી આગળ લાવવામાં આવ્યા ત્યારે ખંધકાચાર્યનું હૈયું દયાથી ઉભરાઈ ગયું. તે પાલકને કહેવા લાગ્યા: “ મહાનુભાવ !

પહેલાં મને પીલ. જેથી આ બાળસાધુની હત્યા મારે જોવી ન પડે. મારૂં આટલું વચન માનીજા. ” પાલક પ્રધાનને તો દુઃખ થાય તેમ કરવુંજ હતું એટલે તેણે તે બાળમુનિને ઘાણીએ ઘાલ્યા ને ખંધકાચાર્યના દેખતાં પીલી નાંખ્યા. બધા મુનિ શુદ્ધ ભાવે મરવાથી નિર્વાણ પામ્યા.

હવે આવ્યો આચાર્યનો વારો. તેમને તો છેલ્લી હત્યાથી રગેરગમાં ક્રોધ વ્યાપી ગયો હતો. એટલે છેલ્લી ઘડીએ માગી લીધું કે જો મારા જપતપનું ફળ હોય તો આ રાજા, પ્રધાન તથા આખા દેશનો નાશ કરનાર થાઉં. ખંધક મુનિ ઘાણીમાં પીલાયા ને પરલોક ગયા. કહે છે કે તે અગ્નિકુમાર દેવ થયા. તેમણે દંડક રાજાનો આખો દેશ બાળીને ભસ્મ કરી નાંખ્યો. ફાલ્યો ફુલ્યો દેશ વેરાન થઈ ગયો. દંડકારણ્યને નામે હજી પણ તે ઓળખાય છે.

ધન્ય છે ! ખંધક મુનિના પાંચસો શિષ્યને જેમણે મરી જાણ્યું !

ખંધક મુનિ.

:૭:

નમો નમો ખંધક મહામુનિ. ખંધક મુનિ ક્ષમાના ભંડાર હતા. શ્રાવસ્તીના રાજા કનકકેતુ તેમના પિતા હતા. મલયસુંદરી તેમની માતા હતી. એક વખત સાધુ મુનિરાજના ઉપદેશથી તેમને વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી. જેવી શુદ્ધ ભાવનાએ દીક્ષા લીધી હતી તેવીજ તે પાળતા હતા. સદાયે આકરા તપ કરે. સંકટ આવ્યે હસતા મોઢે સહન કરે. એમ કરતાં એક દિવસ પોતાની બ્હેનના શહેરમાં આવ્યા.

બ્હેન ને બનેવી ગોખે બેઠાં નગરની શોભા જુએ છે. ત્યાં દૂરથી મુનિરાજ દેખાયા. બ્હેને ગોખમાં બેઠાંજ પારખ્યું કે મુનિરાજ મારો વ્હાલસોયો વીર છે. તે સાધુ સામું જોઈ રહી. દડ દડ તેની આંખમાંથી આસુ સર્યાં.

આ જોઈ રાજા ચમક્યો. મનમાં વિચારવા લાગ્યો. આતે કેવો સાધુ કે જેને જોઈને રાણીને રડવું આવે છે! નક્કી રાણીને એની સાથે આડો સંબંધ હશે. ચાલ ત્યારે એ દુષ્ટની ખબર લઉં. રાજા ત્યાંથી છુટો પડયો. પોતાના સેવકોને હુકમ કર્યો કે પેલા સાધુની જીવતાં ચામડી ઉતારી લાવો. સેવકો દોડયા. ખંધક મુનિ પાસે પહોંચ્યાં. અને તેમને જાહેર કર્યું: રાજાનો હુકમ થયો છે કે તમારી જીવતાં ચામડી ઉતારવી. ખંધક મુનિવર કહે: "વાહ! સમતાની કસોટીનો ઘણો સુંદર પ્રસંગ મળ્યો. ભાઈ! ખુશીથી તમારા રાજાનો હુકમ બજાવો. પણ મને કહો કે હું કેવી રીતે ઉભો રહું જેથી તમને તમારૂં કામ કરતાં હરકત ન થાય.

અમૃતનું સરોવર છલકાય એવી આ મુનિવરની વાણી. આ સાંભળતાંજ સેવકોના હાથ ઢીલા પડી ગયા. પણ રાજાનો હુકમ યાદ આવ્યો ને પોતાનું કામ કરવા તૈયાર થયા.

રાજસેવકોએ ફરસી તૈયાર કરી. ખંધક મુનીશ્વર શાંતભાવે મનમાં બોલ્યા:

चत्तारि सरणं पवज्जामि ।
अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवली पन्नतं धम्मं सरणं पवज्जामि ।

એટલે ચારના શરણે જાઉં છું. અરિહંતના શરણે જાઉં છું. સિદ્ધના શરણે જાઉં છું. સાધુના શરણે જાઉં છું. કેવળી ભગવાને કહેલા ધર્મને શરણે જાઉં છું.

બસ આટલું બોલીને ખંધક મુનિયે ધ્યાન લગાવી દીધું.

રાજસેવકો ફરસીથી તેમની ચામડી ઉતારવા લાગ્યા. ચડ ચડ ચામડી ઉતરે પણ મુનીશ્વર ધ્યાનમાંથી ડગે નહિ. મનમાં જરા પણ ખોટો વિચાર લાવે નહિ. સમતાનેજ ધારણ કરે. એમ કરતાં સમતા ભરપૂર થઇ એટલે ત્યાંજ ખંધક મુનિને કેવળજ્ઞાન થયું.

અહીં તેમના આખા શરીરની ચામડી ઉતરી ગઇ એટલે તે નિર્વાણ પામ્યા.

આ હત્યાકાંડની જગાએ સમડીઓ ઉડવા માંડી ને માંસ ખાવા લાગી. તેમાંથી એક સમડીએ લોહી-ખરડી મુહપત્તિ ને ઓઘો માંસ જાણીને ઉપાડયાં. બન્યું એવું કે થોડે જતાં સમડીના પગમાંથી તે સરકી ગયાં ને બરાબર રાજમહેલની અગાશીમાં પડયાં.

બ્હેને આ જોયું ને જાણ્યું એટલે મૂર્છા આવી. તેના દુ:ખનો પાર રહ્યો નહિ ભાન આવતાં તેને વૈરાગ્ય થયો ને તે સાધ્વી બની. લાંબો વખત પવિત્ર જીવન ગાળીને તે નિર્વાણ પામી.

વાંચક ! શાંતભાવે એકાદ વખત આ ખંધક મુનિની સજાઝય ગાજે કે:

નમો નમો ખંધક મહામુનિ
ખંધ ખીમા ભંડાર રે !

બાળગ્રંથાવળી

થો ડા ક અ ભિ પ્રા યો

આ પુસ્તિકાથી બાળસાહિત્યમાં એક સમૃદ્ધ ઉમેરો થઈ રહ્યો છે. **સૌરાષ્ટ્ર**

❁

બાળકોમાં જ્ઞાન પ્રચાર કરવાની ઇચ્છા રાખનારા ગૃહસ્થોને તો અમો ખાસ ભલામણ કરીએ છીએ કે તેઓ આ પુસ્તકની હજારો નકલો છપાવી ગામે-ગામ ઘરેઘર પ્રત્યેક બાળકના હાથમાં પહોંચાડે. **ધર્મધ્વજ**

❁

બાળસાહિત્યની નવી દિશામાં સંચાર કરતી આ ગ્રંથમાળાને સહુ કોઈ વધાવી લે એમ અમે ઇચ્છીએ છીએ. **જૈન**

❁

આ પુષ્પોમાં ભાષા, ભાવ અને રસ કથામાં વણ્યા કરે છે. વિવેકી માબાપો આવાં પુષ્પો પોતાનાં બાળકોના હાથમાં મુકે અને તેમાંથી મધુર રસ ચૂસવા દે એમ અમે તો ઇચ્છીએ.

સુઘોષા